પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૪ | ૪ જાન્યુઆરી, ૨૦૧૯, શુક્રવાર; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### કાદરખાનની કેનેડામાં દફનવિધિ

બોલીવુડ એક્ટર કાદરખાનની કેનેડામાં દફનવિધિ થઈ છે. ગયા સોમવારે તેમનું અવસાન થયુ હતુ. દફનવિધિ સમયે તેમના પુત્રો અને પરિવારજનો તથા સ્નેહીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### દાઉદ અરબપતિ ડોનમાં સામેલ

અપરાધની દુનિયામાં કંઈ કેટલાય ગેંગસ્ટર અને ડોન છે જેઓ અરબપતિ બની ગયા છે. ટોપ-૬ની લીસ્ટમાં ભારતના મોસ્ટ વોન્ટેડ અપરાધી દાઉદ ઈબ્રાહીમનું નામ સામેલ છે. દાઉદ આ લીસ્ટમાં બીજા ક્રમે છે.

### મહા ગઠબંધનમાં આપ સામેલ નહી

લોકસભા ચૂંટણીમાં મહાગઠબંધનમાં સામેલ થઈ ચૂંટણી લડવાની તમામ અટકળોને આમ આદમી પાર્ટીએ ફગાવી દીધી છે. આપના નેતા સંજયસિંહે ચોખવટ કરી છે કે પાર્ટી લોકસભા ચૂંટણી માટે મહાગઠબંધનમાં સામેલ નહી થાય.

### મધ્યપ્રદેશમાં આમ જનતા 'વંદેમાતરમ્' ગાશે

વંદેમાતરમ્ ગીત ગાવાનો વિવાદ ફરીથી ચગ્યો છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે વંદેમાતરમ ગીત ગાવા અંગે નવો નિર્ણય લઈ તેમાં સરકારી કર્મચારીઓ ઉપરાંત સામાન્ય જનતાને સામેલ કરવાનો નિર્ણય લીધો છે. દર મહિનાની પહેલી તારીખે પોલીસ બેન્ડ સાથે આમ જનતા વંદેમાતરમ્ ગાશે.

# કેરળમાં બંધ હિંસક બન્યો

**બે મહિલાઓના મંદિરમાં પ્રવેશ બાદ સ્થિતિ વિસ્ફોટક : અથડામણ અને ઝપાઝપીમાં અનેક લોકો ઘાયલ : સીપીએમની ઓફિસોમાં તોડફોડ : દુકાનોમાં તોડફોડ : આગ ચાંપવાના બનાવો : અભૂતપૂર્વ સલામતી**



થિરુવનંતપુરમ,તા. ૩

વિશ્વ પ્રસિદ્ધ સબરીમાલા મંદિરમાં બે પ્રતિબંધિત વયની મહિલાની એન્ટ્રી બાદ કેરળમાં ભૂકંપ જેવી સ્થિતી સર્જાઇ ગઇ છે. આ એન્ટ્રીની સામે કેરળમાં શ્રદ્ધાળુઓમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે અને સ્થિતિ વણસી ગઈ છે. સબરીમાલા મંદિરમાં બે મહિલાઓ દર્શન કરવામાં સફળ રહ્યા બાદ આને લઈને શ્રદ્ધાળુઓ સંઘર્ષ ઉપર ઉતરી આવ્યા છે. આજે બંધ દરમિયાન વ્યાપક ઝપાઝપી અને હિંસા થઈ હતી. હિંસા ઉપર ઉતરેલા લોકોએ ટાયરો સળગાવ્યા હતા. નાકાબંધી કરી હતી. પોલીસને સ્થિતિને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવી પડી હતી. બળનો પ્રયોગ કરવો પડ્યો હતો. અથડામણોમાં ત્રણને ઈજા થઈ હતી. એકનું મોત થયું હતું. ચાકુથી કરવામાં આવેલા હુમલામાં ભાજપના ત્રણ કાર્યકરોને ઈજા થઈ હતી. જુદા જુદા હિન્દુ તરફી સંગઠનોના છત્ર સંગઠન સબરીમાલા કર્મ સમિતિ દ્વારા રાજ્યવ્યાપી બંધની હાકલ કરવામાં આવ્યા બાદ તેની સીધી અસર જોવા મળી હતી. રાજ્યમાં આજે ભારે અંધાધૂંધી રહી છે. વાહનોની અવરજવરને માઠી અસર થઈ હતી. શાસક સીપીએમની ઓફિસોમાં તોડફોડ કરવામાં આવી હતી. દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી. દેખાવકારોની પોલીસ અને શાસક

● અનુસંધાન પાન-૭ પર

## હંગામા બાદ લોકસભા સ્થગિત ૧૯ સાંસદો ૪ દિવસ માટે સસ્પેન્ડ

**ટીડીપીના ૧૨ અને એઆઈએડીએમકેના ૭ સાંસદોને વેલમાં આવી જતા સસ્પેન્ડ**

ન્યુ દિલ્હી,તા.૩

લોકસભામાં ગુરૂવારે ટીડીપીના ૧૨ અને એઆઈએડીએમકેના ૭ સાંસદોને વેલમાં આવી જતા ૪ દિવસ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા. સંસદની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરવામાં આવી છે. સવારે સંસદની કાર્યવાહી શરૂ થતાં જ એઆઈડીએમકે અને તેલુગૂ દેશમ પાર્ટીના સદસ્યો સ્પીકરના આસન પાસે પહોંચી પોતાની માંગોને લઈને નારેબાજી કરવા લાગ્યા હતા. એઆઈડીએમકેના સાંસદ કાવેરી નદી પર બાંધ બનાવવાના પ્રસ્તાવને પાછો લેવાની માંગ કરી રહ્યા હતા, જ્યારે ટીડીપીના સાંસદોએ આંધ્ર પદેશને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગને લઈને હંગામો કર્યો હતો.

લોકસભા સ્પીકર સુમિત્રા મહાજને હંગામો કરી રહેલા ટીડિપીના ૧૨, એઆઈએડીએમકેના ૭ સાંસદોને સસ્પેન્ડ કર્યા હતા. આ પહેલા બુધવારે સ્પીકરે ૩૭૪એ મુજબ એન્નાદ્રમુકના ૨૪ સાંસદોને પાંચ દિવસ માટે સસ્પેન્ડ કર્યા હતા. ૩૭૪એ મુજબ સ્પીકરને સંસદની કાર્યવાહીને બાધિત કરનારા સદસ્યોને નિલંબિત કરવાનો અધિકાર હોય છે.

## પહેલા ગરીબી હટાવો અને હવે લોન માફીના નામે ઠગાઈ : મોદી

ગુરદાસપુર, તા. ૩

પંજાબના એક દિવસના પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર રેલીમાં મોદીએ કરતારપુર કોરિડોર બનાવવાના નિર્ણયને લઈને કેન્દ્ર સરકારની પ્રશંસા કરી હતી. સાથે

**ગુરદાસપુર રેલીમાં મોદીના કોંગ્રેસ પર પ્રહારો : શીખ રમખાણોના આરોપીઓને મુખ્યમંત્રી પદના પુરસ્કાર અપાઈ રહ્યા છે : ખેડૂતના નામ ઉપર જુઠ્ઠાણા : વડાપ્રધાન**

મોદીએ આજે ગુરદાસપુરમાં એક વિશાળ રેલીને સંબોધી હતી. ગુરદાસપુરમાં આયોજિત ધન્યવાદ સાથે ૧૯૮૪ના શીખ રમખાણોના નામ ઉપર કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર

● અનુસંધાન પાન-૭ પર



## પ. બંગાળમાં ભાજપની 'રથયાત્રા'ને મંજૂરી અંગે સુપ્રિમમાં ૭મીએ સુનાવણી

ન્યુ દિલ્હી,તા.૩

પશ્ચિમ બંગાળમાં મમતા સરકાર અને ભાજપ વચ્ચે ભાજપ અધ્યક્ષ અમિત શાહની 'લોકશાહી બચાઓ રેલી' યોજવાને લઈને કાયદાકીય યુદ્ધ હવે સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યું છે. અગાઉ મમતા સરકારે ભાજપની 'રથયાત્રા'ને સુરક્ષાના કારણોસર મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ કોલકાતા હાઈકોર્ટમાં સિંગલ જજે ભાજપને રેલી યોજવા મંજૂરી આપી હતી. આ ચુકાદાને પ. બંગાળની મમતા સરકારે લાર્જર બેન્ચમાં પડકારતા ભાજપને ફટકો પડ્યો હતો અને ભાજપ અધ્યક્ષ અમિત શાહની 'રથયાત્રા' નહીં યોજવાનો આદેશ કોલકાતા હાઈકોર્ટની લાર્જર બેન્ચે આપ્યો હતો.

ત્યારબાદ ભાજપે હવે સુપ્રીમ કોર્ટમાં ઘા નાખી હોવાથી આગામી ૭ જાન્યુઆરીના રોજ 'લોકશાહી બચાઓ રેલી' યોજવાના મામલે સુનાવણી હાથ ધરાશે. સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી હાથ ધરવાની ભાજપની અરજી સ્વીકારી છે અને ૭મીએ તેના પર સર્વોચ્ચ ન્યાયાલય વિચાર કરશે.

## બલુંદશહર હિંસાનો મુખ્ય આરોપી યોગેશ રાજ ઝડપાયો


બુલંદશહર,તા.૩

ઉત્તર પ્રદેશના બુલંદશહર જિલ્લામાં કથિત ગૌહત્યાની ઘટનાને લઈને ગયા વર્ષે ૩ ડિસેમ્બરે ભડકેલી હિંસાના આરોપી અને બજરંગ દળના જિલ્લા સંયોજક યોગેશ રાજની ધરપકડ થઈ છે. હિંસાની ઘટનાના એક મહિના બાદ તે પોલીસની પકડમાં આવ્યો છે. ભીડ દ્વારા હિંસાની આ ઘટનામાં પોલીસ ઈન્સ્પેક્ટર સુબોધકુમાર સિંહની હત્યા કરી દીધી હતી. યોગેશ રાજ પર હિંસક ભીડને ભડકાવવાનો આરોપ છે.

સૂત્રો મુજબ, નેતાઓના સહયોગ બાદ યોગેશની ધરપકડ કાલે રાતે થઈ શકી છે. ઉલ્લેખનીય છે કે યોગેશ રાજ બજરંગ દળનો જિલ્લા સંયોજક છે. જોકે, પોલીસે યોગેશની ધરપકડનો ખુલાસો નથી કર્યો. મળતી જાણકારી મુજબ, હિંસાના મુખ્ય આરોપી યોગેશની ધરપકડ પર એસએસપી પ્રેસ કોન્ફરન્સ કરી શકે છે.

## ચીને ચંદ્ર પર પ્રથમ વાર સ્પેસ ક્રાફ્ટ ઉતારી વિક્રમ સર્જ્યો

**ચીને કહ્યું- અમે ઘણાં આગળ નીકળી ગયા છીએ : ઈસરો આ મહિનાના અંતમાં તેમનું બીજુ મૂન મિશન- ચંદ્રયાન-૨નું લોન્ચિંગ કરે તેવી શક્યતા**



વોશિંગ્ટન/બિજિંગ,તા.૩

ચીને ગુરુવારે ચંદ્રના પાછળના ભાગમાં (જે ધરતી પરથી દેખાતો નથી) ત્યાં તેમનું સ્પેસક્રાફ્ટ ચાંગી-૪ ઉતારવામાં આવ્યું છે. ચંદ્રના આ ભાગ પર કોઈએ પહેલીવાર સ્પેસક્રાફ્ટ લોન્ચ કર્યું છે. અત્યાર સુધી અમેરિકા, રશિયા અને ચીન જ ચંદ્ર પર સ્પેસક્રાફ્ટ ઉતારી શક્યા છે. ઈસરોનું ચંદ્રયાન-૧ હજી ચંદ્ર પર ઉતારવામાં આવ્યું નથી. તે ચંદ્રના પરિભ્રમણ માટે મોકલવામાં આવ્યું છે. ઈસરો આ મહિનાના અંતમાં તેમનું બીજુ મૂન મિશન-ચંદ્રયાન-૨નું લોન્ચિંગ કરે તેવી શક્યતા છે.

આ સફળતા વિશે ચીન સ્પેસ મેનેજમેન્ટે સાથે કામ કરનાર મકાઉ યુનિવર્સિટીના પ્રોફેસર ઝો મેંગુઆએ કહ્યું- આ સ્પેસ મિશને જણાવી દીધું કે, ચીન રિમોર્ટ સ્પેસની તપાસમાં ખૂબ આગળ નીકળી ગયું છે. ચીન હવે ૨૦૨૨ સુધીમાં તેમના ત્રીજા અંતરિક્ષ કેન્દ્રને શરૂ કરવામાટે કામ કરી રહ્યું છે. ચીન આ દશકાના અંત સુધીમાં ચંદ્ર પર અંતરિક્ષમાં યાત્રીઓને મોકલવા પણ માંગે છે. તે સિવાય એક મિશન દ્વારા મંગળની ધરતી પરથી માટી લાવવાનું પણ પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે.

ઈસરો ચંદ્રયાન-૨ને પહેલાં ઓક્ટોબર ૨૦૧૮માં લોન્ચ કરવાનું હતું. ત્યારપછી તેની સમય મર્યાદા વધારીને ૩ જાન્યુઆરી અને હવે

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભામાં કાશ્મીરના મુદ્દા પર ગરમાગરમ ચર્ચા

**અરુણ જેટલી અને ગુલામ નબીના સામસામે આક્ષેપ : કાશ્મીર ઉપર શ્યામાપ્રસાદ મુખર્જી સાચા હતા કે જવાહર નહેરુ તે ઈતિહાસ બતાવશે : કેન્દ્રિય મંત્રી**

નવી દિલ્હી, તા. ૩

જમ્મુ કાશ્મીરના મુદ્દા ઉપર આજે રાજ્યસભામાં ગરમાગરમ ચર્ચા જામી હતી. ચર્ચાનો નાણામંત્રી અરુણ જેટલીએ મોડેથી જવાબ આપ્યો હતો. આ ચર્ચા દરમિયાન તમામ પક્ષોએ પોતપોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. કોંગ્રેસ પાર્ટીએ પણ આમા ભાગ લઈને આક્ષેપબાજીનો દોર ચલાવ્યો હતો. કોંગ્રેસના ગુલામ નબી આઝાદે કેન્દ્ર સરકાર પર આક્ષેપ કર્યો હતો કે, છેલ્લા સાડા ચાર વર્ષના ગાળામાં કાશ્મીરમાં હિંસાની ઘટનાઓ વધી છે. જમ્મુ કાશ્મીર વિધાનસભા ભંગ કરવાને લઈને પણ કેન્દ્ર સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. બીજી બાજુ સરકાર તરફથી જેટલીએ આઝાદને જવાબ આપ્યા હતા અને કહ્યું હતું કે, કાશ્મીરની સમસ્યા કોંગ્રેસની સતત ખોટી નીતિઓના કારણે ઉભી થયેલી છે જેના પરિણામ આજે પણ રાજ્યના લોકો ભોગવી રહ્યા છે. કોંગ્રેસને ક્યારે પણ મુક્તિ મળી શકે તેવી સ્થિતિ નથી. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી રહી ચુકેલા ગુલામ નબીએ કહ્યું હતું કે, કાશ્મીરના મુદ્દા ઉપર વાત કરવા માટે ઈતિહાસ જાણવાની જરૂર છે. જ્યાં સુધી ઈતિહાસમાં ધ્યાન અપાશે નહીં ત્યાં સુધી સરકાર ખોટુ કરશે. જે ઈતિહાસ સાથે જોડાયેલી બાબત નથી તે બાબત પણ વચ્ચે આવી રહી છે. ૧૯૪૬થી કાશ્મીરમાં ટુનેશન થિયરી કાશ્મીરમાં સૌથી મોટો મુદ્દો છે. ગુલામ નબીએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપે રાજ્યમાં તોડફોડ કરીને

● અનુસંધાન પાન-૭ પર

## બજેટમાં સંરક્ષણ ફાળવણીમાં પુનઃ વધારો થવાની સંભાવના

નવી દિલ્હી,તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર તેની વર્તમાન અવધિમાં અંતિમ બજેટ હવે રજૂ કરનાર છે. બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સંરક્ષણ ફાળવણીમાં ઉલ્લેખનીય વધારો કરવામાં આવે તેવા સમાચાર મળી રહ્યા છે. બજેટમાં સંરક્ષણ ફાળવણીને વધારી દેવા માટે કેટલાક કારણો રહેલા છે. હાલમાં ત્રાસવાદી હુમલામાં સતત વધારો થયો છે. જેથી સુરક્ષા જરૂરિયાતોને ધ્યાનમાં લઈને કેટલીક નવી જોગવાઈ કરવામાં આવી શકે છે. બીજી બાજુ પેન્સન બિલમાં પણ વધારો કરવામાં આવી શકે છે. અધિકારીઓએ માહિતી આપતા કહ્યુ હતુ કે સંરક્ષણ મંત્રાલય અન્ય કેટલાક મહત્વના પગલાની માંગ કરી રહ્યુ છે. નાણાં મંત્રાલય સમક્ષ તેના દ્વારા રજૂઆત કરવામાં આવી ચુકી છે. કેટલાક પ્રોજેક્ટ સમયસર હાથ ધરી શકાયા નથી જેથી વધારે ફંડની માંગ કરવામાં આવી છે.

## રાજકોટમાં આધુનિક એઈમ્સ હોસ્પિટલ બનશે

**૧૨૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર એઈમ્સ હોસ્પિટલમાં ૧૦૦૦ પથારીની સુવિધા રહેશે : ગંભીર પ્રકારના રોગોની સારવાર : એમ્સ હોસ્પિટલની સ્થાપના કરવા ગુજરાત ૧૨૦ એકર જમીન વિનામુલ્યે આપશે : મોદી સરકારે ગુજરાતને વધુ એક મોટી ભેંટ આપતા દર્દીઓને ફાયદો**

અમદાવાદ,તા. ૩

રાજકોટમાં ૧૨૦૦ કરોડના ખર્ચે અતિઆધુનિક સારવારથી સુવિધા સંપન્ન એમ્સ હોસ્પિટલ સ્થાપિત કરવામાં આવશે. આજે આ અંગેની ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકાર તરફથી ગુજરાતને વધુ એક મોટી ભેંટ આપવામાં આવી છે. એમ્સ હોસ્પિટલની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા ૧૨૦ એકર જમીન વિના મૂલ્ય આપવામાં આવશે. તબીબી શિક્ષણ, તબીબી સંસાધનો સાથે ૮૦૦થી ૧૦૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ બનશે. ગંભીર પ્રકારના રોગોમાં સારવાર ઘરઆંગણે જ દર્દીઓને સ્પેશિયાલિટી અને સુપર સ્પેશિયાલીટી પ્રકારની સુવિધા મળશે. છેલ્લા ઘણા સમયથી જેની અપેક્ષાસહ રાહ જોવાતી હતી તે રાજકોટને અડીને આવેલા ખંઢેરીમાં એઈમ્સની મંજુરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા એઈમ્સની અપાયેલી મંજુરી અંગે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, કેન્દ્ર સરકારના ખર્ચે રાજકોટમાં એઈમ્સનું નિર્માણ કરવામાં આવશે, જેમાં ગુજરાત સરકાર સંયુકત સહકાર આપશે. રાજકોટને એઈમ્સ મળતા હવે સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓને અમદાવાદ કે મુંબઈ સુધી લાંબુ થવું પડશે નહિ. ખાસ કરીને ગંભીર માંદગી કે બિમારીને લઈ દિલ્હી કે દૂરના શહેરોમાં નહી જવું પડે. એઈમ્સના કારણે હવે ગંભીરમાં ગંભીર અને ખર્ચાળ માંદગી કે બિમારીઓની સારવાર સરળતાથી અને સસ્તા દરે ઉપલબ્ધ બનશે, જેને લઈ સમગ્ર સૌરાષ્ટ્વાસીઓમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, અંદાજે રૂપિયા ૧૨૫૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની બનનારી આ એઈમ્સનું કામ આગામી ચાર વર્ષમાં પુરૂ કરવામાં આવશે. રોજના ૧૫૦૦થી વધુ દર્દીઓની તપાસ અને સારવાર એઈમ્સમાં શકય બનશે. દર્દીઓને હવે અસરકારક, ઝડપી અને અદ્યતન સારવાર ઉપલબ્ધ બનશે. રાજકોટની આ એઈમ્સમાં સ્વાભાવિક રીતે જ મેડિકલ કોલેજ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય